CFA Institute

# સીએફએ ઈન્સ્ટિટ્યુટ રોકાણકારના હકોનું વર્ણન

નાણાકીય સેવા પ્રદાતાઓ તરફથી જે માર્ગદર્શનનું નાણાકીય સેવા ઉત્પાદનોના ખરીદદારોને અપેક્ષા છે તેના માટે સીએફએ ઈન્સ્ટિટ્યુટ દ્વારા 'રોકાણકાર હકોનું વર્ણન' તૈયાર કરવામાં આવ્યું છે. આ હકો મૂ!!ભૂત નૈતિક સિદ્ધાંતો દર્શાવે છે, જે કોઈપણ વ્યવસાયિક સંબંધમાં વિશ્વાસ અને શ્રદ્ધા હાંસલ કરવા માટે મહત્વપૂર્ણ છે. નાણાકીય ઉત્પાદનો અને સેવાઓની લાગુ પડતી આ યાદીમાં રોકાણ વ્યવસ્થાપન, સંશોધન અને સલાહ, વ્યક્તિગત બેંકિંગ, વીમો અને રીઅલ એસ્ટેટનો સમાવેશ થાય છે. તમે રોકાણ આયોજન તૈયાર કરી રહ્યાં હોય, દલાલ સાથે કામ કરી રહ્યાં હોય, બેન્ક એકાઉન્ટ ખોલી રહ્યા હોય કે પછી ઘર ખરીદી રહ્યાં હોય; આ રોકાણકાર હકોનું વર્ણન તમને આવશ્યક માહિતી અને જે સેવા તમને અપેક્ષિત છે અને તમે જેના હકદાર છો, તે સેવા પ્રાપ્ત કરવા માટેનું મદદરૂપ સાધન છે. **આ હકોથી બંધાયેલા નાણાકીય વ્યવસાયિકો પાસેથી આની માંગ કરવાથી, તમે જેની સાથે સંકળાયેલા છો તે વ્યક્તિ અને/અથવા પેઢીમાં વિશ્વાસ પેદા કરવામાં મદદ મળી રહેશે અને સંયુક્ત રીતે તમે નાણાકીય વ્યવહારમાં સંયુક્ત રીતે વિશ્વાસ, આદર અને અખંડિતતા સ્થાપિત કરી શકશો.**

## નાણાકીય વ્યવસાયિકો અને સંસ્થાઓની સેવાઓ સાથે સંલગ્ન થતા, હું આ હકો ધરાવું છું....

1. **પ્રામાણિક, સક્ષમ અને નૈતિક વ્યવહાર** જે લાગુ પડતા કાયદાને અનુસરે;
2. સુમાહિતગાર વિશ્લેષણ, દૂરદર્શી નિર્ણય અને ઉદ્યમશીલ પ્રયાસના આધારે **સ્વતંત્ર અને તટસ્થ સલાહ મળે;**
3. મારા **આર્થિક હિતો** વ્યાવસાયિક અને સંસ્થામાં પ્રાધાન્ય ધરાવે;
4. અન્ય ગ્રાહકોના સંદર્ભમાં **ઉચિત વ્યવહાર થાય;**
૫. મારા **સંજોગોને સમજીને આપવામાં આવતી સલાહ** યોગ્ય હોય અને તેનો આધાર મારા નાણાકીય ઉદ્દેશો અને મર્યાદાઓ પર હોય;
6. મને ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરવામાં વર્તમાન અથવા સંભવિત **હિતસંઘર્ષનીમાહિતી મળે;**
7. **સ્પષ્ટ, ચોક્સાઈપૂર્ણ, સંપૂર્ણ અને સમયસરનો સંચાર** કે જેમાં સરળ ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય અને એવી રૂપરેખામાં રજુ કરવામાં આવે છે કે જે અસરકારક રીતે માહિતી રજુ કરે;
8. મને લાગુ પડતી તમામ **ફી અને ખર્ચનું સ્પષ્ટીકરણ** અને માહિતી જેમાં ઉચિત અને વાજબી રીતે ખર્ચ રજુ કરેલ હોય;
9. મારી **વિગતોની ગોપનિયતા જળવાય;**
10. મારા લાભાર્થે કરવામાં આવેલા કાર્યોના સમર્થનમાં **યોગ્ય અને સંપૂર્ણ નોંધ** રખાય.

**cfainstitute.org/futurefinance** ની મુલાકાત લો

© 2018 CFA Institute. All rights reserved.